બાઝે ત્યારે તારે બન્ને દાંતો વચ્ચે આ સોપારી રાખ
તેથી તારે કર્મ બન્ધન નહી થાય અને સોપારી પડે ન
એ ખાસ ધ્યાન રાખવું.

કરૂણા ઘેર આવી અને સાસુ મંડ્યા બાઝવા. કરૂણા
સોપારી દાંતો વચ્ચે મુકી દીધી એટલે બોલાય નહી.
સાસુ એકલી બાઝી બાઝી છેવટે થાકી. સાસુએ ઘ
અશુભ કર્મો બાંધ્યાં.

## નં. ૧૪ સાસુની ગતિ

જઈ નરકમાં નિપજી, કર્મો કીધા જોર.
પરવશ પડી બાપડી, ખમતી કષ્ટ કઠોર.
પૂરવ પાપ પ્રભાવથી; કરતી શોર બકોર.
પરમાધામી તેહને, મારે બરછી ઘોર.

જીવને અશુભ કર્મોથી નરકમાં વિવિધ પ્રકારની વેદના સ
કરવી પડે છે. બરછીના ઘાવ રોમ રોમમાં વ્યાપી ઉ

હે પ્રદેશી રાજન્ નરકમાં તાજો ઉત્પન્ન થયેલો ના
મનુષ્યલોકમાં આવવાને ઈચ્છે પણ ચાર કારણોથી
શકે નહિ. ૧ ભયંકર મોટી વેદનાને ભોગવવી, ૨. ન
પાલક પરમાધામીઓનું વારંવાર સતાવ્યા કરવું, ૩ ન
વેદનીય કર્મ ક્ષીણ ન થયેલું હોવાથી, ભોગવાયું ન હો
તેમજ નિર્જરાયું ન હોવાથી, ૪ નરકનું આયુષ્ય
થયું ન હોવાથી, ભોગવાયું ન હોવાથી તેમજ નિર્જ
ન હોવાથી."

—શ્રી રાયયસેણુઈય



## નં. ૧૫ કુલટાનાર (પતિને સંતાપે છે)

ધણીને જે ધમકાવતી, કરતી લાંબા હાથ.
ન બોલવાના બોલતી. પરનર કરતી સાથ.
ગાળ આળ કરી આપતી, ખોટી બતાવે પ્રીત
પતિ બિચારો લાજથી, સહન કરે સૌ રીત.

વિષય વિકારોથી આંધળી બનેલી સ્ત્રી પોતાના પતિને
ારે છે. અને મા બાપની મર્યાદા મુકી સ્વચ્છન્દ થઇ
છે. પોતાના યારો સાથે બે ટાઇમ ફરવા નિકળી જાય
ળ, સમાજ, ધર્મ, અને પતિમર્યાદા મુકી રખડેલ
જાય છે.

## પુર્ણસુંદરી

ધર્મસેનની પત્ની પૂર્ણસુન્દરી, ઉપરથી પતિ ભક્તિ
પણ અન્ય પુરૂષના સહવાસથી કુલટા થઇ ગઈ.

પતિ જ્યારે ઘેર આવે તો બાઝવા માંડે, આજ
નથી, કપડા નથી, એ નથી તે નથી, ઉપરથી
ો વરસાદ.

પતિ સરલ સ્વભાવી અને ધર્માત્મા, પોતાના કર્મોનો
સમજી શાન્ત રહે.

પતિની સરલતાનો દુરપયોગ કર્યો અને હવે તો રાત
રખડવા માંડી. પોતાની મર્યાદા મુકી પૂર્ણ કુલટા
ઈ.

અન્ય પુરૂષના કથનથી પોતાના પતિને વિષ આપી
ી ભાગીદાર થઈ. વૃદ્ધાવસ્થામાં ઘોર દુખો અનુભવી
ઈ.

વરં જ્વલદયસ્તમ્ભપરિરમ્ભો વિધીયતે ।
ન પુનર્નરકદ્વારં રામાજઘનસેવનમ્ ॥

ધગતા લોખંડના સ્થંભને ભેટવું સારું પણ ના
દ્વાર સમાન નારી સહવાસ સારો નથી.

—શ્રી યોગ

## નં. ૧૬ કુલટાની ગતિ

નારી નરકમાં નીકળી, પરમાધામી વાર.
વાળ પકડી વાંકી કરી, ઉપર માર્યો માર.
જટકા દઈ જટીયાતણાં, રીબાવી ઘણી રોજ,
સહન કરતાં આકરી, ભૂલી સહુએ મોજ,

ત્યાં નરકાવાસમાં પરમાધામીઓ માર મારે છે. પકડી પટકે છે. અને ઉપરથી પ્રતાડના પૂર્વક છેદન કરે છે.

હે રાજન ! ચૌદશ, આઠમ, અમાસ, પૂર્ણિમા, સંક્રાન્તિ એ પર્વો છે. તે દિવસમાં તેલ, સ્ત્રી, અને માં ભોગી મરીને જ્યાં વિષ્ઠા અને મૂત્રનું ભોજન છે નરકમાં જાય છે.

—શ્રી વિષ્ણુ

ગોયમા ! નેરઇયા સીતં વેયણું વેયંતિ, ઉ વેયણું વેયંતિ સીતોસિણુંવેયણું વેયંતિ ॥

હે ગૌતમ, નારકો શીત વેદના વેદે છે. ઉષ્ણ વેદે છે, શીતોષ્ણ વેદના વેદે છે.

—શ્રી સમવાયાંગ



શોકયના છોકરાને તથા સાસુ સસરાને રીબાવનારની ગતિ.

# નં ૧૭ શોક્ય સુત રીબવણી

શોક્ય તણા સુત ઊપરે, ધમકી દેતી અપાર.
રોજ બાળને રીબાવતી, દેતી છડીનો માર.
નિજ બાળપર પ્રેમ કરે, એ બાળકનું અભાગ.
નાના બાળને દુખકરે, જાણે કાળો નાગ.

પોતાના હોય કે બીજાના. બાળકને ત્રાસ આપનાર ...તિમાં જાય છે. શોક્ય પુત્રને જે બ્હેનો તકલીફ આપે ...વા ઈર્ષા કરે તો તે નિશ્ચે અધોગતિનું બન્ધન કરે છે.

## અધુરૂં સ્વપ્નું

બે દિકરા, મોટાનું નામ સુરેશ અને નાનાનું નામ ...શ. સુરેશની મા હૃદય રોગથી મરણ પામી અને ...શની મા જીવતી હતી.

સુરેશ વિનયવાન ધર્માત્મા અને બુદ્ધિવાન હતો. તેથી ...રમાતા ચુનીબાઈને અદેખાઇ થઈ. રાતદિવસ સુરેશને ... આપે, સારૂં ખાવાને નહીં આપે. સાંજ થાય ને સુરેશનું ...વા માંડે અને પોતાના મહેશની પ્રશંસા કરે.

...શિલ સુરેશ પોતાના દુખની વાર્તા કોને કહે અને કોણ ...ળે, બા બાપુજી બન્ને ત્રાસ આપતા પણ એના ભાગ્યે ... સાથ આપ્યો. શાળામાં, સમાજમાં, ધાર્મિકમાં તે ... પ્રથમ આવ્યો અને મહેશ નાપાસ થયો.

ઈર્ષાના આવેશમાં ચુનીબાઈએ વિષમિશ્રિત લાડવા ...વ્યા અને રમેશને મારવા માટે તૈયારી કરી.

રામ રાખે એને કોણ ચાખે પણ જેતું આ
બળવાન હોય તેને કોણ! મારી શકે છે. ઝેરના લા
બનાવી કબાટમાં મુકયા કે મહેશ દોડતો આવ્યો
છાનો છાનો લાડવા ખાઇ ગયો.

મહેશ બેહોશ થયો અને સદાના માટે સુઇ ગ
"ખોદન્તા સો પડન્તા" જે બીજાનું અહિત કરે તેનું પ
અહિત થાય છે. અપરમાતા શોકય સુતનું મરણ ઇચ્છ
હતી પણ પોતાના પુત્રનું જ મરણ થયું. નગરમાં
અપકીર્તિ થઈ અને કઠોર કર્મો ઉપાર્જન કર્યાં.

## નં. ૧૮ શોકય સુત સતાવનારની ગ

જઈ નરકમાં ઉપની, વળી કોરડા માર.
ચટક ચટક ચટકાવીયા છુટે રક્તની ધાર,
ભાગે બહુ એ બાકળી, છટકવા કરે વિચાર.
પણ પરમાધામી તેહને, આપે પૂરો માર.

ત્યાં પોતાના કૃત કર્મો યાદ કરે છે. શોકય સુ
સતાવવાનું પરિણામ અનુભવે છે.

માયા પિઇ ગુરૂ ભાયા ભગિણી પત્તિ સૂયંચ ઘાએન્તિ
તે ચણ્ડ કમ્મકારી, વચ્ચંતિ મયા મહાનરયં

માતા, પિતા, ગુરૂ, ભાઈ, બ્હેન, પતિ-પત્ની અ
પુત્રને જે વ્યકિતઓ હણે છે. તે પાપીઓ મરીને મ
નરકમાં ઉત્પન્ન થાય છે.

—શ્રી પઉમચરિ



## નં. ૧૯ સાસુ સસરાને રીબાવનારી વહુ

સાસુ સસરા સંતાપીયા, ભાખ્યા વચન કઠોર,
માન અપમાન ન પેખતાં, નિર્લજ્જ નારી ઘોર.
દુખ દીધાં વૃધ્ધા પણે, કરી ન સેવા કાંઇ.
અંત સુધી દુભવ્યા ઘણા, અપયશ લીધો ધાંઇ.

વહુ વૃધ્ધ સાસુ સસરાને રાત દિવસ સતાવે, કઠોર વચનો
રા પ્રતાડના કરે અને ઉપરથી કહે કે હવે ખાટલામાં પડયા
ો, વાત વાતમાં રીબાવે, ખાવા પીવામાં ત્રાસ આપે.

જોવનીયું જાતું રહયુને, આવી બુઢાપાની વાટરે,
સાઠ વરસનો થઈ ગયો તારે ખુંણે ઢાળી ખાટરે,

હવે સાઠ વર્ષની ઉમ્મરમાં ડોસા ડોસી વહુના
ાસથી હારી ગયાં. વહુનો વર્તાવ ચરમ છેલ્લે સીમા સુધી
હોંચી ગયો.

## સુમતિ

માત્ર નામના જ સુમતિ બ્હેન હતાં પણ કુમતિના
ભંડાર, બિચારાં સાસુ સસરાને ઘડપણથી ચલાય નહી.
હુ ઉપરથી ત્રાસ આપે. જેમ આવે તેમ ગાળો આપે.

સાંજ થઈ, સુમતિ બ્હેનના પતિ ઘેર આવ્યો, રોટલા
જમવા બેઠા કે તરત જ ઝઘડવા બેઠી.

ડોસા ડોસીની રામાયણ ચાલુ કરી. જુઓ ! આ
ડોસા ડોસીને આખો દિવસ ખાવા જોઈયે. શું ? મ્હા
કાંઇ બીજું કામ છે કે નથી.

ગરમ ખીચડી દાળ ભાત એ, ડોસાને બહુ ભાવેરે
આ ફેશનમાં સગડી પાસે, બેસવું કોને ફાવેરે,
આજની એ ડોસીઓ,

આવી રીતે સાસુ સસરાને ઘણો ત્રાસ આપી સુમતિ
કુમતિ વડે દુર્ગતિનો બન્ધ કર્યો. અને વૃધ્ધાવસ્થામાં ઘ
ત્રાસ ભોગવી દુર્ગતિએ મરણ પામી.

## નં ૨૦ રીબાવનારીની ગતિ

જઈ નરકમાં નિકળી, ખીલે બીછાવી મજાક.
તે પર પટકી મારતા, મોઢે ઘાલી કટાર.
ખેંચી ચંચલ જીભડી; છેદ્યાં અંગ અઢાર.
બીચારી રોતી ઘણી, સહતી બરછી ધાર.

'હે ભગવાન ! નારકીઓની કેટલા કાલની સ્થિ
છે. !' 'હે ગૌતમ ! જઘન્યથી દશહજાર વર્ષની
ઉત્કૃષ્ટથી તેત્રીસ સાગરોપમની સ્થિતિ છે.

—સાત નરક ભૂમિઓમાં નારકીના રહેઠાણોની સં
પહેલીમાં ત્રીસ લાખ; બીજામાં ૨૫ લાખ, ત્રીજીમાં
લાખ, ચોથીમાં દસ લાખ પાંચમીમાં ત્રણલાખ છઠ્ઠીમાં
૯૯૯૯૫ અને સાતમીમાં પાંચ સ્થાનો છે.

—શ્રીમદ્ ભગવતી



